# બોમ્બ બ્લાસ્ટ – બાળકો – વાલી – શિક્ષકો

છેલ્લા એક સપ્તાહથી ગુજરાતમાં આતંકવાદી પ્રવૃત્તિઓએ લોકોને ભયભિત કરી મૂક્યા છે. આતંકવાદની પીડા માત્ર ગુજરાતને જ નથી, સમગ્ર વિશ્વને છે. આતંકવાદ એ વૈશ્વિક સમસ્યા છે. આતંકવાદ જે તે રાષ્ટ્ર-સમાજના વિકાસ માટે માત્ર અવરોધરૂપ જ નહીં, પણ શાંતિ, અમન અને આબાદીને વેરણછેરણ કરવાના ઈરાદાથી આચરવામાં આવતી હલકટ પ્રવૃત્તિ છે. વર્તમાન આતંકવાદનું સૌથી ભયાનક પાસું એ છે કે તેમાં આતંકવાદીઓ ધર્મ અને સંપ્રદાયથી પ્રેરિત છે. કોઈપણ કાર્ય કરવા પાછળનો ઉદ્દેશ ભલે ગમે તેટલો શ્રેષ્ઠ તથા પવિત્ર  કેમ ન હોય, છતાં આતંકવાદ કોઈપણ રીતે સ્વીકાર્ય નથી. કેટલાક ગણ્યાગાંઠ્યા લોકો દ્બારા સંગઠિત, આયોજિત અને જાણી જોઈને કરવામાં આવતું ભયભીત કરનારું હિંસાત્મક કૃત્ય છે. તે સદાયને માટે ગેરકાનૂની, અમાનવીય,લોકતંત્ર વિરોધી તથા વિકાસને અવરોધતું કૃત્ય છે. જેનું લક્ષ્ય નાગરિકો, લોક સમૂહદાય, સૈનિકો, સરકાર હોય છે.

અમદાવાદમાં થયેલ બોમ્બ બ્લાસ્ટ એ આતંકવાદીઓ દ્બારા થયેલ પ્રથમ બનાવ નથી. અમદાવાદ અને સુરતમાં ઘટેલ ઘટનાઓ આ અગાઉ અન્ય વિસ્તારમાં થયેલ છે અને ભવિષ્યમાં નહીં થાય તેની કોઈ ખાતરી નથી. અમદાવાદ અને સુરતની ઘટનાઓએ ગુજરાતના દરેક નાગરિકને હચમચાવી મૂક્યા છે. ઘર અને ઓફિસમાં આતંકવાદની જ ચર્ચા થાય છે. મોટી ઉંમરના, પ્રબુદ્ધ નાગરિકો માટે આતંકવાદ ચર્ચાનો અને વિચારણાનો વિષય બની ગયો છે. ત્યારે પ્રશ્ન થાય કે આવતીકાલના નાગરિકો કે જેમના ખભે ભવિષ્યની ધૂરાનો ભાર ઉપાડવાનો છે તેવા કૂમળું માનસ ધરાવતા બાળકો શું વિચારતા હશે? આજકાલ ઘરમાં અને શાળા સમૂદાયમાં થતી ચર્ચાઓથી આ બાળકો શું શીખતા હશે? તેમણે આજે સાંભળેલું કાલે વિચારશે અને પછીના દિવસે વર્તન કરશે. આપણે આપણા બાળકોને કશું ખોટું સંભળાવતા કે શીખવતા તો નથી ને? આપણી અપેક્ષાઓ કેવી છે? તેઓ મોટા થાય ત્યારે કેવા નાગરિક તરીકે બહાર આવે તો સમાજ-રાષ્ટ્રનો વિકાસ થાય તે મુજબ આપણે સંભળાવીએ છીએ? શીખવીએ છીએ? રખેને એવું ન વિચારતા કે, બાળકો તો નાના છે તેમને શું સમજ પડે? આજનો બાળક ઘણું બધું જુએ છે, જાણે છે અને તમે જેવા સંસ્કાર આપશો તેવા ઝીલે છે. માટે સંસ્કાર આપવાનું કામ કરતાં વાલી અને શિક્ષકે આવા વાતાવરણમાં ચોક્કસ ભૂમિકા ભજવવી પડશે જેથી આજનું બાળક આવતી કાલના ભારતનો ભાર સક્ષમ રીતે ઉપાડી શકે.

શિક્ષકોએ વર્ગમાં ભણાવતી વખતે આવી ઘટનાઓ સાથે અનુસંધાન જોડવાનું ટાળવું જોઈએ. છતાં જરૂર પડે અનુસંધાન સાધવું જ હોય તો એવી વાત કરો કે જેથી બાળકોના મનમાં ઘટના માટે દ્બેશ ઉત્પન્ન થાય, પણ કોઈ સંપ્રદાય કે સમૂહ માટે દ્બેશ ઉત્પન્ન ન થાય. હકારાત્મક ચર્ચા હોવી જોઈએ. એટલે કે, આવી ઘટનાઓ ઘટે ત્યારે કઈ સાવચેતી રાખવી, નાગરિક તરીકે કઈ ફરજ નિભાવવી? ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે શું કરવું જોઈએ વગેરે. આતંકવાદીઓ કોને કહેવાય અને તેમનો હેતુ શું હોય છે તેની ચર્ચા કરી શકાય. આમપણ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ જેટલું તેમના વાલીનું માનશે તેના કરતાં તેમના શિક્ષકનું વધારે માનશે. પ્રાથમિક શાળાના બાળકોના રોલ-મોડૅલ તેમના વાલી નહીં તેમના શિક્ષક હોય છે. બાળકોનું આ મનોવિજ્ઞાન સમજીને શિક્ષકોએ યોગ્ય સંસ્કારનું સિંચન કરવું જોઈએ. અત્યારના ધો. ૮ અને ધો.૧૦ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યક્રમમાં આતંકવાદના પ્રકરણો છે. જે શીખવવા માટેનો આ યોગ્ય સમય ગણી શકાય. આ બંને પ્રકરણો પાઠ્યપુસ્તમાં અંતમાં આપેલા છે.

જેથી વર્ષના અંતે શીખવવાનું આયોજન શાળાએ કરેલ હશે. તે આયોજન બદલીને-પરીક્ષાની ચિંતા કર્યા સિવાય આ પ્રકરણ અત્યારે જ શીખવવા જોઇએ. જેની હકારાત્મ અસર સરળતાથી ઊભી કરી શકાશે. છેલ્લા બે-ચાર દિવસમાં કેટલીક શાળાઓએ વિદ્યાર્થીઓને છોડી મૂક્યા તો કેટલાક વાલીઓ પોતાના બાળકોને શાળામાંથી ઘેર લઇ આવ્યા. જેના કારણો સાચાં કે ખોટાં હોવાની બાબતમાં પડવાની જરૂર નથી. પણ આમ થવાથી બાળકો શું વિચરતા હશે? બાળકો તેમના સમૂહમાં ચર્ચા કરતાં હોય ત્યારે ખાનગીમાં સાંભળો કે તેઓ કેવા વિચારોથી ભરેલા છે. તેમના આજના વિચારો જ તેમનું આવતી કાલનું વર્તન હશે.

સંસ્કારનું સિંચન કરવાની જવાબદારી વાલીની પણ છે. બોમ્બ બ્લાસ્ટની ઘટનાઓ પછી એક પણ ઘર એવું નહીં હોય કે જ્યાં આ વિશે ચર્ચા થઇ ન હોય. ક્યારેક તો આવી ચર્ચા પણ સાંભળી છે, “ મારા હાથમાં જો એ આવે તો હું તેનું ખૂન કરી નાંખું, આવા નરાધમોને જાહેરમાં ફાંસીએ લટકાવવા જોઇએ, તેમના ઘરના સભ્યોને જેલમાં પૂરી દેવા જોઇએ વગેરે.” અહીં તમે બોલેલું કશું જ કરી શકવાના નથી. હા... તમારા બાળકના કાનમાં તમે ઝેર રેડી રહ્યાં છો. એકબાજુ લોકશાહી અને માનવઅધિકારની વાત કરતા વાલી આવા શબ્દો બોલે તેની નોંધ બાળકો કયારે અને કેવી લેશે તેનો વિચાર કર્યો છે ખરો? અભિનંદન આપવા ઘટે સ્ટાફમિત્ર ભાઇ હર્ષદને. તેના નવ વર્ષના બાળક દક્ષે પ્રશ્ન પૂછયો... પપ્પા આ બધું કોણ કરે છે? તમારું બાળક પ્રશ્ન પૂછે તો શું જવાબ આપશો? વાલીને નાપાસ કરે તેવો અઘરો પ્રશ્ન છે ને? ભાઇ હર્ષદનો જવાબ હતો....બેટા! તું રામાયણ જુએ છે તો તેમાં રામ અને રાવણ વચ્ચે શું તફાવત હતો? દક્ષનો જવાબ હતો... રામ તો ભગવાન હતા અને રાવણ તો રાક્ષસ હતો. બેટા રાક્ષસ કોને કહેવાય? દક્ષે તેની ભાષામાં જવાબ આપ્યો. હવે જુઓ જાગૃત વાલી હર્ષદભાઇનો જવાબ. બેટા, આજના સમયમાં આવું કામ કરનાર આજના રાક્ષસો છે. જાગૃત વાલીએ આ ભૂમિકા ભજવવાની છે. વાલીએ બાળકને સંતોષ થાય તેવા જવાબ સાથે સંસ્કારનું સિંચન કરવાનું છે. નહીં કે ઊંધા પાટે ચડાવવાનો છે. માટે જ વાલીઓએ બાળકોની હાજરીમાં ચર્ચા કરતા કે મત વ્યક્ત કરતા સો વાર નહીં તો બે વાર વિચાર કરવો જ જોઇએ. નાના બાળકો બોલતા ન હોય કે પૂછતા ન હોય તેનો અર્થ એવો નથી કે તેઓ સમજતા નથી, તેમને ખબર નથી પડતી. તેમનામાં કુવિચારો કુસંસ્કારો ન જાય તેની ખાસ કાળજી રાખો. ધોરણ-૮ માં અભ્યાસ કરતાં કવીનને પૂછ્યું કે આવું કરનારને શું કરવું જોઇએ? કવીનનો જવાબ હતો કે,“ફાંસી આપવી જોઇએ...ના..ના.. ફાંસી નહીં આખી જિંદગી જેલમાં પૂરવા જોઇએ.” કવીનના વિચારોનું અર્થઘટન કરો.

આતંકવાદથી લોકો ડરતા હોય છે-ભયભીત હોય છે . તો જે શિક્ષકથી વિદ્યાર્થીઓ ડરતા હોય-ભયભીત રહેતા હોય તેવા શિક્ષકને શૈક્ષણિક આતંકવાદી(ત્રાસવાદી) કહેવાય? જે પતિથી તેની પત્ની ડરતી હોય-ભયભિત રહેતી હોય, દહેજ માટે મારઝૂડ કરતો હોય કે કેરોસીન છાંટીને સળગાવી દેતો હોય તેવા પતિદેવોને સામાજિક આતંકવાદી(ત્રાસવાદી) કહેવાય?